AJ-2225

Seat No. ________

# AJ-2225

## B. Com. (Sem. IV) Examination

## April - 2023

## Auditing - I : CE - 204

*(Old & New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.

**1** (a) (i) સમજાવો : નામા પદ્ધતિ એક જરૂરિયાત છે, જ્યારે ઓડિટિંગ એક વૈભવ છે. **7**

(ii) સમજાવો : સામાજિક ઓડિટ. **7**

**અથવા**

(a) (i) તફાવત આપો : ચાલુ ઓડિટ અને વાર્ષિક ઓડિટ. **7**

(ii) ઓડિટ કાર્યક્રમ એટલે શું ? તેના ફાયદા સમજાવો. **7**

(b) યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો : **4**

(1) નીચેના પૈકી કયું વિધાન ઓડિટિંગની મર્યાદા ગણાતું નથી ?

(A) ઓડિટિંગ નાના ધંધાકીય એકમો માટે ઉપયોગી નથી.

(B) સામાન્ય રીતે ઓડિટરના પૂર્વગ્રહો તેના ઓડિટ કાર્યમાં પ્રતિબિંબિત થાય છે.

(C) તે કર્મચારીઓ પર નૈતિક અંકુશ રાખે છે.

(D) ઓડિટ કાર્ય દરમિયાન ધંધાનાં નિત્યક્રમનાં કાર્યોમાં વિક્ષેપ પડે છે.

(2) નીચેના પૈકી કઈ ભૂલને કારણે 'કારકુનની ભૂલ' ગણાય છે ?

(A) બાકી ખર્ચના હવાલાની નોંધ નહિ કરવી

(B) પેટાનોંધોના સરવાળા કરવાની ભૂલ

(C) દેવાદારોને ખાતાનો ઉતારો મોકલવો

(D) મૂડી અને મહેસૂલી વચ્ચે ખર્ચની ખોટી ફાળવણી કરવી.

(3) નીચેના વિધાનો પૈકી કયું વિધાન 'આંતરિક અંકુશ'નો એક હેતુ નથી?

(A) કર્મચારી દ્વારા થતી ભૂલો શોધી કાઢવી અને અટકાવવી.

(B) કર્મચારી દ્વારા થતી છેતરપિંડી શોધી કાઢવી અને અટકાવવી.

(C) ગ્રાહકોને પૂરા પાડવામાં આવતી સેવા કે માલની ગુણવત્તામાં સુધારો કરવો.

(D) એવી હિસાબી પદ્ધતિ અપનાવવી કે જેથી વાર્ષિક હિસાબો ઝડપથી તૈયાર થાય.

(4) આંતરિક ઓડિટના સંદર્ભમાં નીચેના પૈકી શું સાચું નથી ?

(A) તે કંપનીએ નિયત કરેલ નીતિઓ, યોજનાઓ અને કાર્યવાહીનું યોગ્ય રીતે પાલન થાય છે તેની ખાતરી કરે છે.

(B) તે હિસાબી પદ્ધતિની કાર્યક્ષમતાની ચકાસણી કરે છે.

(C) તેને કારણે વાર્ષિક ઓડિટ નથી કરાવવું પડતું અને બચત થાય છે.

(D) તેને કારણે વાર્ષિક હિસાબો ઝડપથી તૈયાર થાય છે.

2 (a) (i) કંપનીધારા મુજબના ઓડિટરની ફરજો જણાવો. 7

(ii) સમજાવો : ઓડિટરનો વિશેષ હક. 7

**અથવા**

(a) (i) સમજાવો : કંપનીના ઓડિટરની નિમણૂક અને પુનઃનિમણૂક. 7

(ii) ઓડિટરની લાયકાતો અને ગેરલાયકાતો જણાવો. 7

(b) યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો : 4

(1) નીચેના પૈકી કયું વિધાન ઓડિટરના હકો સંબંધમાં સાચું નથી ?

(A) વેતન મેળવવાનો અધિકાર

(B) નુકસાની વળતર મેળવવાનો અધિકાર

(C) બોર્ડ ઑફ ડિરેક્ટર્સની સભામાં હાજર રહેવાનો અધિકાર

(D) ''નિષ્ણાતની સલાહ'' મેળવવાનો અધિકાર

(2) નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) ઓડિટર એવી 20 કંપનીઓનું ઓડિટ કરી શકે છે, જેની વસૂલ આવેલ શૅરમૂડી રૂ. 25,00,000 થી વધુ હોય.

(B) ઓડિટરની પેઢી બાબતમાં દરેક ભાગીદાર ફક્ત 10 કંપનીઓનું ઓડિટ સ્વીકારી શકે.

(C) ઓડિટર એવી 10 કંપનીથી વધુનું ઓડિટ સ્વીકારી નહિ શકે જે દરેકની વસૂલ આવેલી શૅરમૂડી રૂ. 25,00,000 થી ઓછી હોય.

(D) જો ઓડિટર એક કરતાં વધુ પેઢીમાં ભાગીદાર હોય તો આવી બધી પેઢીઓ ભેગી મળીને આવો ભાગીદાર 20 થી વધુ કંપનીઓનો ઓડિટર થઈ શકે નહિ.

(3) ઓડિટરના પ્રકાર કેટલા છે ?

(A) 1 (B) 2

(C) 3 (D) 4

(4) ઓડિટરની મુખ્ય લાયકાતો કેટલી છે ?

(A) 1 (B) 2

(C) 3 (D) 4

3 (a) (i) વાઉચરો તપાસતી વખતે ઓડિટરે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ જણાવો. 7

(ii) નીચેનાનું વાઉચિંગ કેવી રીતે કરશો ? 7

(i) દેવાદારો પાસેથી વસૂલાત

(ii) કાનૂની ખર્ચા

(iii) મળેલ રોયલ્ટી

**અથવા**

(a) (i) વાઉચિંગનું મહત્ત્વ સ્પષ્ટ કરો. 7

(ii) નીચેનાનું વાઉચિંગ કેવી રીતે કરશો ? 7

(i) વીમા પ્રીમિયમ

(ii) રોકડ વેચાણ

(iii) પ્રાથમિક ખર્ચા

(b) યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો : 3

(1) કંપનીએ વટાવથી શૅર બહાર પાડવા અંગે નીચેના પૈકી કયું વાઉચર યોગ્ય છે ?

(A) સેબીની મંજૂરી

(B) માન્ય શૅરબજારની મંજૂરી

(C) શૅરહોલ્ડરોની સભાના ખાસ ઠરાવ માટે સામાન્ય સભાની મિનિટ બુક

(D) મધ્યસ્થ સરકારની મંજૂરી

(2) વેચાણ પરતના વ્યવહારો માટે નીચેના પૈકી કયું વાઉચર યોગ્ય ગણાય ?

(A) માલ આવક પત્રક

(B) ગ્રાહક સાથે થયેલ પત્ર વ્યવહાર

(C) ગ્રાહકને આપેલ જમા ચિઠ્ઠી

(D) વેચાણ ભરતિયું

(3) નીચેના પૈકી કયું વાઉચર રોકડ આવક અંગેનું નથી ?

(A) ઉઘરાણી માટે લેણદારે લખેલ પત્ર

(B) વેચાણનું ભરતિયું

(C) ઈસ્યુ કરેલ રસીદની નકલ

(D) દેવાદારો સાથે થયેલ પત્ર વ્યવહાર

4 (a) (i) તફાવત આપો : વાઉચિંગ અને ચકાસણી. 7

(ii) નીચેનાની ચકાસણી કેવી રીતે કરશો ? 7

(i) પેટન્ટ્સ

(ii) જપ્ત થયેલા શૅર

(iii) ચાલુ કામકાજ

**અથવા**

(a) (i) મૂલ્યાંકન અને ચકાસણી અંગે ઓડિટરની ફરજો જણાવો. 7

(ii) નીચેનાની ચકાસણી કેવી રીતે કરશો ? 7

(i) ઢોરઢાંખર

(ii) પટે રાખેલ મિલકતો

(b) યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો : 3

(1) મિલકતોની ચકાસણીની બાબતમાં કયું વિધાન સાચું નથી ?

(A) ધંધા માટે જ મિલકત પ્રાપ્ત કરવામાં આવી છે.

(B) મિલકતો ખરેખર અસ્તિત્વમાં છે.

(C) ધંધાની મિલકતો પર કોઈ બોજ છે કે નહિ તે જોવાની જરૂર નથી.

(D) મિલકતોનું યોગ્ય રીતે જ મૂલ્યાંકન થયું છે.

(2) જમીનની ચકાસણી અને મૂલ્યાંકન અંગે ઓડિટરે નીચેની બાબત તપાસવાની નથી.

(A) તેના પર બોજ છે કે નહિ.

(B) તેના પર યોગ્ય ઘસારો ગણેલ છે.

(C) તેનું મૂલ્યાંકન ખરીદ કિંમતે કરવામાં આવ્યું છે.

(D) તે અસીલ કંપનીના નામે જ છે.

(3) નીચે પૈકી કઈ રકમ સંશયિત મિલકત ગણાય છે ?

(A) વટાવેલી લેણીહૂંડીઓ

(B) પ્રાથમિક ખર્ચા

(C) કંપનીએ ખરીદેલા અંશતઃ ભરપાઈ શૅર ઉપરના બાકી હપ્તા.

(D) કંપનીએ અદાલતમાં અમુક રકમ મેળવવા કરેલ દાવામાં મળવાની રકમની શક્યતા.

## ENGLISH VERSION

**Instruction :** Figures to the right indicate marks of the question.

1 (a) (i) Explain : Accountancy is the necessity while auditing is a luxury. 7

(ii) Explain : Social audit. 7

**OR**

(a) (i) Give the difference between continuous audit and annual audit. 7

(ii) What is Audit Programme ? Discuss its advantages. 7

(b) Choose the correct option and give the answer : 4

(1) Which of the following statements is not considered a limitation of auditing ?

(A) Auditing is not useful for small business units.

(B) Generally the auditor's prejudices are reflected in his audit work.

(C) It works as a moral check of the employees.

(D) During the audit work, the regular business routine gets disturbed.

(2) Which one of the following errors is considered "Clerical error" ?

(A) Not making an adjusting entry for outstanding expenses.

(B) Mistake in totaling of subsidiary books.

(C) Spending statement to the debtors for confirmation.

(D) Wrong allocation of expenditure between capital and revenue.

(3) Which of the following is not one of the objects of "Internal Control" ?

(A) Detection of errors committed by the employees and to prevent them.

(B) Detection of frauds committed by the employees and to prevent them.

(C) Improvement of quality of goods/services provided to the customers.

(D) Adoption of accounting system leading towards preparation of final accounts without delay.

(4) Which of the following statements is not correct in respect of internal audit ?

(A) It ensures that the policies, plans and procedures laid down by the company are properly followed.

(B) It test the efficiency of the accounting system.

(C) Due to this, annual audit is not required and savings are made.

(D) Due to this, annual accounts are prepared quickly.

2 (a) (i) Discuss the provisions of the Companies Act regarding duties of an auditor. 7

(ii) Explain : Auditor's Lien. 7

**OR**

(a) (i) Explain : Appointment and re-appointment of company auditor. 7

(ii) Give the qualifications and disqualifications of an auditor. 7

(b) Choose the correct option and give the answer : 4

(1) Which one of the following is not correct in regard to the rights of an auditor ?

(A) Right to receive remuneration

(B) Right to be indemnified

(C) Right to attend the Board of Directors' Meetings

(D) Right to get "Expert Advice"

(2) Which of the following statements is correct?

(A) An auditor can hold audits of 20 companies in case where each company has a paid up share capital excess of Rs. 25,00,000.

(B) In case of a firm of auditors, audit of 10 companies can be undertaken by each partner.

(C) An auditor can hold audit of not more than 10 companies in a case where each company has a paid up share capital of less than Rs. 25,00,000.

(D) If an auditor is a partner in more than one firm, the number of companies which may be taken into account by all firm in relation to such partner shall not exceed 20.

(3) How many types of auditors are there ?

(A) 1 (B) 2

(C) 3 (D) 4

(4) Main qualifications of an auditor are ____________.

(A) 1 (B) 2

(C) 3 (D) 4

3 (a) (i) State the points to be considered by an auditor while checking the vouchers. 7

(ii) How will you vouch the following ? 7

(i) Collection from debtors

(ii) Legal expenses

(iii) Royalty received

**OR**

(a) (i) Explain the importance of vouching. 7

(ii) How will you vouch the following ? 7

(i) Insurance Premium

(ii) Cash sales

(iii) Preliminary expenses

(b) Choose the correct option and give the answer : 3

(1) Which of the following vouchers is appropriate in respect of share issue by discount by a company ?

(A) SEBI approval

(B) Recognized stock market approval

(C) Minute Book of general meeting for special resolution of shareholder's meeting

(D) Central Government Approval

(2) Which of the following is a relevant voucher of transactions of sales return ?

(A) Goods received note

(B) Correspondence with customers

(C) Credit note issued to customers

(D) Sales Invoice

(3) Which of the following is not a voucher for cash receipts ?

(A) Letter written by a creditor for collection

(B) Sales invoice

(C) Copy of receipt issued

(D) Correspondence with debtors

4 (a) (i) Give the difference between touching and verification. 7

(ii) How will you verify the following ? 7

(i) Patents

(ii) Forfeited shares

(iii) Work-in-progress

**OR**

(a) (i) State the duties of an auditor regarding valuation and verification. 7

(ii) How will you verify the following ? 7

(i) Livestock

(ii) Leasehold property

(b) Choose the correct option and give the answer. 3

(1) Which of the following statements is not correct in respect of verification of assets?

(A) The assets have been acquired for the business.

(B) The assets actually exist.

(C) Any charge on business assets must not be verified.

(D) The assets are properly valued.

(2) Regarding verification and valuation of land the auditor should not check the following :

(A) Whether it is burden or not

(B) Depreciation is calculated on it

(C) It has been valued at purchase price

(D) It is the name of client company itself

(3) Which of the following amount is contingent asset ?

(A) Discounted bills receivables

(B) Preliminary expenses

(C) Outstanding instalment on partly paid up shares purchased by the company

(D) The possibility of the company getting some amount in the court in the claim amount.